Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# રામાયણ : ભારતીય જીવનમૂલ્યોનું પુલકિત પંચામૃત

**પ્રા. કેતન વિનુભાઈ કાનપરિયા**
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,
લીલીયા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

રામાયણ એ માત્ર ધર્મગ્રંથ નથી કે નથી માત્ર માનવતાનું મહાકાવ્ય. રામાયણ તો ભારતીયતાની શાહીથી ભારતીય ઈતિહાસના કાગળ ઉપર લખેલો ભારતીય સંસ્કૃતિનો એક જીવંત દસ્તાવેજ છે. ભારતીય સંસ્કૃતિનો નમણો ચહેરો 'રામાયણ'માં નિહાળવા મળે છે. ભારતીય સંસ્કૃતિ યુગોયુગોથી સમગ્ર વિશ્વની ભાતીગળ પ્રજાને જીવનમૂલ્યો રૂપી પ્રેરણાના પીયુષ પીવડાવતી રહી છે ત્યારે ભારતીય સંસ્કૃતિનો પૂર્ણતઃ પરિચય કરાવતી અમર રચના 'રામાયણ'માંથી પ્રગટતા અને આજના આધુનિક માનવસમાજે શીખવા જેવા પંચામૃત્ત સમાન પાંચ જીવનમૂલ્યો વિશે-મિષે વાત કરવાનો અહીં ઉપક્રમ છે.

'રામાયણ' ભારતીય જીવનમૂલ્યોનો અખૂટ ભંડાર છે. આપણે 'રામાયણ'માંથી પાંચ જીવનમૂલ્યોને અલગ તારવીને એની ચર્ચા-વિચારણા કરતા કરતા તેમાં ભારતીય ચિંતનનું મેળવણ નાખીને એમાંથી પરમ હિતકારી એવા પંચામૃત્તનું નિર્માણ કરીએ.

'રામાયણ'માંથી સૌપ્રથમ શીખવા જેવી વાત એ છે કે, "ખરાબ સંગનું પરિણામ હંમેશા ખરાબ જ હોય છે." 'રામાયણ'માં મહાપ્રતાપી રાજા દશરથને ત્રણ રાણીઓ (કૌશલ્યા,કૈકેયી અને સુમિત્રા) હતી. આ ત્રણે રાણીઓ સાથે રાજા દશરથનો ગૃહસ્થાશ્રમ માંગલિક જીવનધારાની સાથે અને ભારતીય (સંયુક્ત) કુટુંબપ્રથાના આદર્શ સાથે પસાર થતો હતો. રાજા દશરથને કૌશલ્યા દ્વારા શ્રી રામ, કૈકેયી દ્વારા ભરત અને સુમિત્રા દ્વારા લક્ષ્મણ તથા શત્રુઘ્ન એમ ચાર સુપુત્રો પ્રાપ્ત થયા હતા. રાજા દશરથનો ત્રણ રાણીઓ અને ચાર સુપુત્રો સાથેનો વાત્સલ્યસભર ગૃહસંસાર વિધિવત્ રીતે ચાલતો હતો. એક વખત દશરથ ધર્મની રક્ષા કરવા માટે યુદ્ધમાં ગયેલા ત્યારે તેમની પતિવ્રતાપરાયણ ધર્મપત્ની કૈકેયી પણ રથમાં સાથે ગયેલી. આ તુમુલ યુદ્ધમાં દશરથ તલ્લીન થઇ ગયેલા અને એ વખતે રથનું પૈડું નીકળવાની તૈયારી હતી. આ વિષમ પરિસ્થિતિમાં રાણી કૈકેયીએ પોતાની આંગળીનો રથના પૈડાં સાથે સુયોગ રચીને રથમાંથી પૈડાંને નીકળવા ન દીધું. પરિણામે દશરથ યુદ્ધ જીતવામાં સફળ થયા. આ યુદ્ધ પૂર્ણ થતા રાણી કૈકેયીની આંગળીની અવદશા જોઇને દશરથે કારણ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. જેના પ્રત્યુત્તરથી દશરથને જાણવા મળ્યું કે, પોતે રાણી કૈકેયીની સમયસૂચકતાને લીધે જ આ યુદ્ધ જીતી શક્યા છે. આથી કૈકેયીના પતિવ્રતાધર્મથી પ્રસન્ન થયેલા રાજા દશરથે તેને બે વરદાન માગવા કહ્યું. પરંતુ રાણી કૈકેયી તેના બે વરદાન પોતે ભવિષ્યમાં યોગ્ય સમયે માંગશે એવું જણાવ્યું. આ પ્રકારના અનેક સદ્દગુણોથી ભારોભાર ભરેલી શીલવાન રાણી કૈકેયી ભારતીય નારીની એક આદર્શ પ્રતિમા હતી. પરંતુ તેની એક મંથરા નામની દુર્ગુણી દાસીના સંગને લીધે કૈકેયીના વિચારોમાં ધીમેધીમે પરિવર્તન આવવા લાગ્યું. કૈકેયીના મનમાં

દાસી મંથરાએ દરરોજ ઈર્ષ્યા અને સ્વાર્થના દુર્ગુણો રૂપી ઝેર ઘોળવાનું શરૂ કર્યું. પરિણામે કૈકેયીનું વિચાર પરિવર્તન થવા લાગ્યું.

આ સમયગાળામાં રાજા દશરથે એક દિવસ તેમના જયેષ્ઠ સુપુત્ર અને અયોધ્યાના યુવરાજ કૌશલ્યાનંદન રામને અયોધ્યાના રાજા બનાવવાની રાજસભામાં હર્ષથી જાહેરાત કરી. રાજા દશરથના આ સાચા પ્રસ્તાવનો રાજસભામાં ઉપસ્થિત સૌએ તથા સમગ્ર અયોધ્યા રાજ્યના નાગરિકોએ સહર્ષ સ્વીકાર કર્યો. અયોધ્યા રાજયના બધા પ્રજાજનો પોતાના નવનિયુક્ત પ્રજાવત્સલ રાજવીના રાજ્યાભિષેક માટે હર્ષઘેલા બન્યા. પરિણામે દશરથે રામના રાજા બનવાની જાહેરાત કર્યાના બીજા દિવસે જ રામનો રાજ્યાભિષેક કરવાની તૈયારીઓ શરૂ કરી દેવાનો આદેશ આપ્યો. આ સુખદ સમાચાર સાંભળીને આખું અયોધ્યા ઘેલું બન્યું. પરંતુ એ જ દિવસે રાત્રીએ દુર્ગુણી મંથરાના સંગથી ઈર્ષ્યાળુ અને સ્વાર્થી બની ગયેલી કૈકેયીએ સ્ત્રીહઠનો લાભ લઈને રાજા દશરથે પોતાને યુદ્ધ વખતે આપેલા બે વરદાન જે માંગવાના બાકી હતા એની દશરથ પાસે માંગણી કરી. કૈકેયીએ આ વરદાન રૂપે દશરથ પાસેથી પ્રથમ કૌશલ્યાનંદન રામને ચૌદ વર્ષનો વનવાસ અને કૈકેયીનંદન ભરત માટે અયોધ્યાની રાજગાદી માંગી લીધી. આથી રાજા દશરથ માટે ધર્મસંકટ ઊભું થયું. કારણ કે તેમણે આદર્શ રાજાના સંપૂર્ણ લક્ષણો રામના વિશાળ વ્યક્તિત્વમાં નિહાળીને જ રામને અયોધ્યાની રાજગાદી સોંપવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ કૈકેયીની સ્ત્રીહઠને લીધે રામને ચૌદ વર્ષનો વનવાસ મળ્યો અને કૈકેયીની ચોતરફ ટીકા થવા લાગી. એટલું જ નહી પરંતુ રામના વિરહને લીધે રાજા દશરથ પણ અકાળે મૃત્યુ પામ્યા. પરિણામે કૈકેયી પોતે પણ વિધવા બની. કૈકેયીના પુત્ર ભરતને તેની માતાના સ્વાર્થભર્યા મમત્વની જાણ થતા ભરતે પણ કૈકેયીનો તિરસ્કાર કર્યો. અને કૈકેયીને રાજમહેલમાં એકલી મૂકીને રામની આજ્ઞાથી ભરતે વનવાસી જેવું જીવન સ્વીકારી નંદીગ્રામમાં નિવાસ કર્યો. આમ મંથરા જેવી દુર્જન દાસીના સંગથી સજ્જન નારી એવી કૈકેયી પણ દુર્ગુણી બની ગઈ એવો ભાવબોધ આપતી આ ‘રામાયણ’ આપણને હંમેશા “સજ્જનોનો સંગ કરવો અને દુર્જનોના સંગનો ત્યાગ કરવો” એવા ભારતીય જીવનમૂલ્યને જીવનમાં ધારણ કરવાની દીક્ષા આપે છે.

‘રામાયણ’માંથી બીજી શીખવા જેવી વાત એ છે કે, “પદનો મોહ ત્યાગીને પણ સૌની સેવા કરવી જોઈએ.” ‘રામાયણ’માં રામના રાજયાભિષેકની તૈયારીઓ પૂર્ણ થઇ ગઈ હતી એવા સમયે કૈકેયીએ દશરથ પાસે રામને ચૌદ વર્ષનો વનવાસ આપવાની માંગણી કરી. દશરથ માટે આ ધર્મસંકટ હતું. કારણ કે તેઓ રઘુકૂળના વચનપાલનને તોડી શકે એમ ન હતા તો બીજી તરફ રામને ક્યા કારણે અને કઈ રીતે વનવાસ આપવો એ પણ એક યક્ષપ્રશ્ન હતો. પરંતુ મર્યાદા પુરષોતમ રામે રઘુકૂળની વચનપ્રીતિને અકબંધ રાખીને, પિતા દશરથના કોઈ પણ પ્રકારના આદેશ વગર અને માતા કૈકેયીની ઈચ્છાને માન આપીને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

સ્વયંભુ ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. રામે પિતા દશરથને ધર્મસંકટમાંથી બહાર કાઢયા, માતા કૈકેયીની ઈચ્છાનું સન્માન કર્યું, નાના ભાઈ ભરત માટે પોતાના હિસ્સાની રાજગાદીનું સ્થાન ખાલી કરીને પોતે જાતે જ ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. રામે પિતા દશરથ અને માતા કૈકેયીની પ્રસન્નતા માટે જ અતિ વિકટ અને વિષમ એવો વનવાસ સ્વીકાર્યો. એટલું જ નહી પણ અયોધ્યા જેવા વિશાળ રાજયની રાજગાદીનો ત્યાગ કરીને મહાન પદનો મોહ રાખ્યા વગર વનવાસ સ્વીકાર્યો. અયોધ્યા જેવા સમૃદ્ધ રાજપરિવારમાં ઉછરેલા, અનેક પ્રકારના સુખ વચ્ચે બાળપણ વિતાવનારા અને સમર્થ યોગી તરીકે ઓળખાતા રાજા જનકના જમાઈ એવા રામે એક જ ક્ષણમાં વૈભવી રાજગાદીનો સહર્ષ ત્યાગ કરીને પોતાના પરિવારને એક તાંતણે જોડી રાખ્યો અને સ્વયંભુ ચૌદ વર્ષનો વનવાસ સ્વીકારીને સૌ પ્રત્યે સેવાની ભારતીય ભાવના પ્રગટ કરી. આમ 'રામાયણ'માંથી સેવા જેવું એક મહત્વપૂર્ણ ભારતીય જીવનમૂલ્ય આપણને શીખવા મળે છે.

'રામાયણ'માંથી ત્રીજી શીખવા જેવી વાત એ છે કે, "ભગવાન પ્રત્યે સમર્પણનો ભાવ રાખવો જોઈએ." રામે 'રામાયણ'માં માતાપિતાની સેવાનું એક ઉત્તમ ઉદારણ પૂરૂં પડતા જાતે જ ચૌદ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. રામે જાતે જ કરેલા વનવાસના નિર્ણયની જાણ થતા જ જનકતનયા સીતાએ પણ પતિવ્રતાધર્મનું પાલન કરતા રામની સાથે વનમાં જવાની પોતાની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ રામે સીતાને વનમાં સાથે આવવાની ના પડતા સીતાએ જણાવ્યું કે, પોતે મન-વચન-કર્મથી સંપૂર્ણપણે રામને સમર્પિત હોવાથી તે પણ ચોક્કસ વનમાં આવશે. આથી સીતાના સમર્પણભાવથી પ્રસન્ન થઈને રામે સીતાને પોતાની સાથે ચૌદ વર્ષના વનવાસે આવવાની આજ્ઞા આપી. સુમિત્રાનંદન લક્ષ્મણને સીતા-રામના અકારણ વનવાસની જાણ થતા તેમણે પણ સીતા-રામ પ્રત્યે પોતાનો સમર્પણભાવ વ્યક્ત કર્યો અને પોતાને પણ ચૌદ વર્ષના વનવાસમાં સાથે લઇ જવાની ઈચ્છા રજૂ કરી. રામે શરૂઆતમાં લક્ષ્મણને પોતાની સાથે ચૌદ વર્ષના વનવાસમાં સાથે લઇ જવા માટે આનાકાની કરી. પરંતુ લક્ષ્મણના સીતા-રામ પ્રત્યેના શુદ્ધ સમર્પણભાવથી ગદ્દગદિત થઈને રામે લક્ષ્મણને પણ વનવાસમાં સાથે આવવાની સજળ નેત્રે મંજુરી આપી. આમ સીતા અને લક્ષ્મણે પોતાના ભગવાન રામ પ્રત્યે ભક્તિભર્યો સમર્પણભાવ પ્રગટ કરીને ભગવાનની સાથે રહેવાનું ઇષ્ટ માન્યું. આ તરફ પોતાના નવનિયુક્ત અને પ્રજાવત્સલ રામને રાજગાદીને બદલે કોઈ પણ પ્રકારના અપરાધ વિના ચૌદ વર્ષનો વનવાસ મળ્યાના દુ:ખદ સમાચાર સાંભળીને અયોધ્યાવાસીઓ રામ પાસે રૂબરૂ જઈને ચૌદ વર્ષના વનવાસમાં ન જવાની આજીજીપૂર્વક વિનંતીઓ કરવા લાગ્યા. પરંતુ મર્યાદાપુરુષોત્તમ રામ ચૌદ વર્ષના વનવાસે જવાના પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. રામે સીતા અને લક્ષ્મણની સાથે ચૌદ વર્ષના વનવાસે જવાની સૌ અયોધ્યાવાસીઓ પાસે અનુમતિ માગી. હવે અયોધ્યાવાસીઓ પાસે તેમના ભગવાન સમાન પ્રજાવત્સલ રાજવીને ચૌદ વર્ષના વનવાસે જતા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

રોકવાનો કોઈ ઉપાય ન હતો. આ વિકટ પરીસ્થિતિમાં સમગ્ર અયોધ્યાવાસીઓએ રામ પ્રત્યે પોતાનો સ્નેહભર સમર્પણભાવ પ્રગટ કરીને બધા અયોધ્યાવાસીઓએ પણ રામ-લક્ષ્મણ-સીતાની સાથે ચૌદ વર્ષના વનવાસે આવવાની ભાવભરી લાગણી વ્યક્ત કરી. સૌ અયોધ્યાવાસીઓનો પોતાના પ્રત્યેનો સમર્પણભાવ જોઈને રામ પણ ગદ્દગદિત થઇ ગયા. રામે સૌ અયોધ્યાવાસીઓને પોતાની સાથે ચૌદ વર્ષના વનવાસે ન આવવા માટે સમજાવવાનો પ્રયત્ન કર્યો. રામે અયોધ્યાવાસીઓ સામે ચૌદ વર્ષના લાંબા સમયગાળામાં ભોગવવા પડતા દુ:ખ,કષ્ટો અને વિવિધ પ્રકારની પડનારી અગવડતાઓની વિગતે વાત કરી. પરંતુ સૌ અયોધ્યાવાસીઓએ રામને જણાવ્યું કે, “ભગવાન, તમે અયોધ્યામાં નથી તો અહીં રહેવાથી કોઈ લાભ નથી અને તમે જો ચૌદ વર્ષ વનમાં રહેવાના છો તો ત્યાં તમે અમારી સાથે હશો એટલે વનમાં રહેવાથી અમારે કોઈ પ્રકારનું નુકશાન નથી.” રામ સૌ અયોધ્યાવાસીઓની આ સમપર્ણભરી ભક્તિભાવનાથી અતિ પ્રસન્ન થયા અને સૌ અયોધ્યાવાસીઓને પોતાની સાથે ચૌદ વર્ષના વનવાસે ન આવવાની રામે વિનંતી કરી. સૌ અયોધ્યાવાસીઓ તેમના ભગવાન રામના વિનંતીસભર અને પ્રેમાગ્રહભર્યા આદેશને માન્ય રાખીને અયોધ્યામાં જ રહ્યા. સૌ અયોધ્યાવાસીઓએ ભગવાન રામના રામરાજ્યની કલ્પનાને સાર્થક કરવા રાજા ભરતની આજ્ઞાને રામની આજ્ઞા માનીને રામભક્તિ સાથે જીવન વ્યતિત કરવા લાગ્યા. આમ ‘રામાયણ’માં સમર્પણભાવ એક ભારતીય જીવનમૂલ્ય તરીકે ધ્યાનાકર્ષક બની રહે છે.

‘રામાયણ’માંથી ચોથી શીખવા જેવી વાત એ છે કે, “ભગવાનના ભક્તે આળસનો ત્યાગ કરીને ધીરજ સાથે ભાવપૂર્ણ ભક્તિ કરવી જોઈએ.” ‘રામાયણ’માંથી આદર્શ ભક્તોના ઘણા ઉદાહરણો મળે છે. ભગવાનના ભક્તે આળસનો ત્યાગ કરીને ધીરજ સાથે ભાવપૂર્ણ ભક્તિ કઈ રીતે કરવી એનું શ્રેષ્ઠ ઉદાહરણ ‘રામાયણ’ની શબરી છે. ‘રામાયણ’માં પંપા સરોવરના કિનારે આવેલા માતંગ ઋષિના આશ્રમમાં શબરી નામની એક સ્ત્રીની ભાવપૂર્ણ ભક્તિનો ઉલ્લેખ છે. ભગવાન રામ પોતાના આશ્રમે આવશે એવી આશા સાથે શબરી દરરોજ વહેલા ઉઠીને આશ્રમની સાફસફાઈ કરે છે અને રામ માટે ચાખીચાખીને મીઠા બોર તૈયાર રાખે છે. પરંતુ સાંજ થતા રામ ન આવવાથી શબરી ધીરજ ધારણ કરીને બીજા દિવસે ફરી વખત રામના આગમન માટે પૂર્વતૈયારી કરે છે. આ રીતે ઘણા દિવસો વીતી જાય છે. પરંતુ રામ આવતા નથી. છતાં પણ શબરી આળસ કર્યા વિના દરરોજ રામના આગમનની પૂર્વતૈયારી કરી રાખે છે. અંતે એક દિવસ રામ લક્ષ્મણની સાથે શબરીના આશ્રમે આવે છે. રામ શબરીની મહેમાનગતિ માણતા શબરીના એંઠા બોર પણ આરોગે છે. આ રીતે શબરીએ આળસને ત્યાગીને ધીરજ સાથે ભક્તિ કરી. પરિણામે શબરીને રામના દર્શન થયા અને મૌક્ષ પણ મળ્યો. આમ ‘રામાયણ’ શબરી જેવા સાચા ભક્તિભાવ રૂપી ભારતીય જીવનમૂલ્યનો આપણને પરિચય કરાવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

'રામાયણ'માંથી પાંચમી શીખવા જેવી વાત એ છે કે, "ભગવાનની પ્રસન્નતા જ સર્વોચ્ચ છે." 'રામાયણ'માં રામના વનવાસથી દુ:ખી થયેલા ભરત અયોધ્યાની રાજગાદી સ્વીકારવા તૈયાર નથી. કારણ કે ભરત પણ રામના અનન્ય ભકત છે. આથી ભરતે રામના વનવાસના સ્થળે જઈને પોતે પણ રામની સાથે વનવાસ ભોગવશે એવી ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ રામે ભરતને અયોધ્યાનું રાજય સંભાળવાની આજ્ઞા કરી. ભરતની ઈચ્છા તો શાસન કરવાને બદલે વનમાં જઈને રામ સાથે રહેવાની હતી પણ ભગવાન રામની આજ્ઞાનું પાલન કરવા ભરતે રામની ચાખડીઓ રાજગાદી પર પધરાવીને પોતે અયોધ્યાની બહાર નંદીગ્રામમાં આશ્રમ બાંધીને રામ જેવી જ વનવાસી પરીસ્થિતિમાં રહ્યા. ભરતે ભગવાન રામની પ્રસન્નતાને સર્વોચ્ચ માનીને રામ વતી ચૌદ વર્ષ સુધી અયોધ્યાનું શાસન સંભાળ્યું. આમ 'રામાયણ'માં ભગવાનની પ્રસન્નતાને સર્વોચ્ચ માનીને જીવન જીવવાની ભારતીય જીવનરીતિનું એક ઉત્તમ ઉદાહરણ મળે છે.

આ રીતે સમગ્રત: જોઈએ તો, 'રામાયણ' ભારતીય જીવનમૂલ્યોનું પુલકિત પંચામૃત્ત છે. 'રામાયણ' ભારતીય જીવનમૂલ્યોથી આંઠે પ્હોર મઘમઘતો એક સુશોભિત જીવનબાગ છે. જેમાંથી જીવનમૂલ્યોનો પ્રસરતો પાવન પરિમલ માનવજીવનને ઉન્નત બનાવે છે અને મનુષ્યજીવનને મૌક્ષ રૂપી અમૂલ્ય અત્તરના સુગંધી સરનામા સુધી લઇ જાય છે.

સંદર્ભસૂચિ :

(૧) 'શ્રી વાલ્મીકિ રામાયણ', શ્રી વાલ્મીકિ, પ્રકા. પ્રવીણ પ્રકાશન – રાજકોટ.

(૨) 'શ્રી રામચરિતમાનસ', તુલસીદાસ, પ્રકા. ગીતાપ્રેસ – ગોરખપુર.

(૩) 'શ્રી વાલ્મીકિ રામાયણ', શ્રી વાલ્મીકિ, શ્રી હરિહર પુસ્તકાલય – સુરત.

(૪) 'રામાયણ', તુલસીદાસ, પ્રકા. શ્રી હરિહર પુસ્તકાલય – સુરત.